For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

## બરોડા ડેરીમાં ભાજપનો મેન્ડેટ સર્વોપરી

# ચારેય બેઠક પર અધિકૃત ઉમેદવારોનો વિજય

### બરોડા ડેરીના જંગમાં ભાજપ VS ભાજપ : પોરમાં પાર્થિવ અને ડેસરમાં સૂરપાલસિંહનો દબદબો

### ડેસરમાં ધારાસભ્ય ઇનામદારે વર્ચસ્વ જાળવ્યું, પરાજિત ઉમેદવારના સરકારી મશીનરીના દુરુપયોગના આક્ષેપો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

મધ્ય ગુજરાતની સહકારી રાજનીતિના ગઢ ગણાતી બરોડા ડેરી (વડોદરા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ) પર ભારતીય જનતા પાર્ટીએ પોતાનું વર્ચસ્વ સાબિત કર્યું છે. બુધવારે યોજાયેલા રસાકસીભર્યા મતદાન બાદ બપોર પછી હાથ ધરાયેલી મતગણતરીમાં ભાજપના મેન્ડેટ ધરાવતા તમામ 4 ઉમેદવારોએ વિજયપતાકા લહેરાવી છે.

આ જીત સાથે જ બરોડા ડેરીની કુલ 13 બેઠકો પર હવે ભાજપની સંપૂર્ણ બહુમતી સાથેની સત્તા સ્થાપિત થઈ ગઈ છે. ઉલ્લેખનીય છે કે, ડેરીની કુલ 13 બેઠકોમાંથી 9 બેઠકો અગાઉ જ બિનહરીફ જાહેર થઈ હતી. બાકી રહેલી 4 બેઠકો પર ભાજપના મેન્ડેટ સાથે મેદાનમાં ઉતરેલા ઉમેદવારો સામે પ્રતિસ્પર્ધીઓનો પરાજય થયો છે. પોર બેઠક પર ભાજપના મેન્ડેટ સાથે પાર્થિવ પટેલ, ડેસર બેઠક પર સૂરપાલસિંહ પરમાર, ડભોઈ બેઠક પર દીક્ષિત પટેલ અને પાવીજેતપુર બેઠક પર રણજિત રાઠવા વિજેતા જાહેર થયા છે. આ પરિણામો આવતા જ ભાજપના કાર્યકરોઅનેપશુપાલકોમાંખુશીનીલહેરદોડીગઈહતી.



બરોડા ડેરીમાં ભાજપના મેન્ડેટનો સપાટોઃ પાર્થિવ, સૂરપાલસિંહ, દીક્ષિત અને રણજિત રાઠવાનો ભવ્ય વિજય

### “ટેબલ પછાડીશ પણ પશુપાલકોને ન્યાય અપાવીશ”

ડેસર બેઠકના વિજેતા સૂરપાલસિંહ પરમારે જીત બાદ આક્રમક નિવેદન આપતા જણાવ્યું હતું કે, “પશુપાલકોના હિત માટે હું ડેરીના બોર્ડમાં ટેબલ પછાડીશ. પશુપાલકોની સમસ્યાઓનો ઉકેલ લાવવો એ મારી પ્રાથમિકતા રહેશે. ખાસ કરીને લાંબા સમયથી બંધ પડેલી 14 જેટલી દૂધ મંડળીઓને ફરીથી શરૂ કરાવવા માટે હું પૂરતી મહેનત કરીશ.” તેમની આ ગર્જનાથી સહકારી આલમમાં ચર્ચાઓ તેજ બની છે.

**ચૂંટણી જીતવા અનેક હથકંડા અપનાવાયા I** ચૂંટણીના પરિણામો બાદ પરાજિત ઉમેદવાર કુલદીપસિંહ રાઉલજીએ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આ ચૂંટણી જીતવા માટે સત્તાધારી પક્ષ દ્વારા સરકારી મશીનરીનો મોટા પાયે દુરુપયોગ કરવામાં આવ્યો છે. જોકે, ભાજપના વિજયી ઉમેદવારોએ આ આક્ષેપોને નકારી કાઢી તેને પશુપાલકોનો ભાજપ પરનો વિશ્વાસ ગણાવ્યો હતો.

### 13-0 થી ભાજપનો ઐતિહાસિક ક્લીન સ્વીપ

બરોડા ડેરીના ઇતિહાસમાં આ વખતે ભાજપનો દબદબો સંપૂર્ણ રહ્યો છે. અગાઉ ૯ બેઠકો બિનહરીફ થયા બાદ આજે બાકીની 4 બેઠકો પર પણ ભાજપના મેન્ડેટ ધરાવતા ઉમેદવારો વિજયી થતા હવે આખી ડેરી ભાજપમય બની છે. આ જીતને કારણે હવે આગામી ચેરમેન અને વાઈસ ચેરમેનની વરણીમાં ભાજપની ભૂમિકા નિર્ણાયક બની રહેશે.

**ચારેય બેઠકો પર કેસરિયો માહોલ I** બુધવારે મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ બપોર પછી જેવી મતગણતરી શરૂ થઈ, ઉમેદવારોના સમર્થકોમાં ઉત્તેજના વધી હતી. વિજેતા જાહેર થતા જ પાર્થિવ પટેલ, દીક્ષિત પટેલ અને રણજિત રાઠવાના સમર્થકોએ ગુલાલની છોળો ઉડાડી વિજય સરઘસ કાઢ્યા હતા. ભાજપના મેન્ડેટ વાળા ઉમેદવારોની જીતથી જિલ્લાના સહકારી માળખામાં નવો ઉત્સાહ જોવા મળ્યો છે.

**પરિણામોમાં ભાજપના ચારેય મેન્ડેટધારી ઉમેદવારો વિજેતા જાહેર થતા ડેરીમાં 13-0 થી ભાજપનું એકચક્રી શાસન સ્થાપિત થયું છે. વિજેતા ઉમેદવારોએ પશુપાલકોના હિતમાં કાર્ય કરવાની નેમ વ્યક્ત કરી છે.**

---

## કચરો સળગાવવાના કારણે આગ લાગી હોવાનું અનુમાન

# સમા ચેતક બ્રિજ પર ગેસ લાઈનમાં લીકેજથી ભીષણ આગ,તંત્રમાં દોડધામ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

વડોદરા શહેરના સમા ચેતક બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી ગેસની લાઈનમાં આગ લાગતા અફરાતફરી મચી ગઈ હતી. રોડ પરથી આગની જ્વાળાઓ નીકળી હતી. બનાવને પગલે ફાયર બ્રિગેડની ટીમ ઘટન સ્થળે દોડી આવી હતી અને કલાકોની ભારે જહેમત બાદ આગ ઉપર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો.

વડોદરા શહેરમાં ઉનાળાના પ્રારંભે શરૂ થયેલો આગ લાગવાનો સિલસિલો આજે પણ યથાવત જોવા મળી રહ્યો છે. ત્યારે ગેસ પાઈપ લાઈનમાં આગ લાગતા તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. મળતી માહિતી અનુસાર શહેરના સમા ચેતક બ્રિજ ઉપરથી પસાર થઈ રહેલી ગેસની પાઈપલાઈનમાં આગ લાગી હતી. બ્રિજ પરથી ઉંચે સુધી આગની જ્વાળાઓ નીકળી હતી. આસપાસના લોકોમાં આગના દ્રશ્યો જોઈ ભારે ફફડાટ ફેલાયો હતો. બનાવની જાણ કરવામાં આવતા પ્રથમ તાબડતોડ ઘટના સ્થળે ફાયર બ્રિગેડના જવાનો દોડી આવ્યા હતા અને આગ ઉપર કાબુ મેળવવાના પ્રયાસો હાથ કર્યા હતા. બાદમાં ગેસ વિભાગની



ટીમો પણ સ્થળ પર દોડી આવી હતી અને બંને બાજુથી વાલ્વ બંધ કરી આગ ઉપર કાબુ મેળવી લેવાયો હતો. વડોદરા ગેસ લિમિટેડ ના અધિકારી વિપુલ રાજપૂતે જણાવ્યું હતું કે, અહીં જોતા લાગી રહ્યું છે કે બાજુમાં જ કોઈએ કચરો સળગાવ્યો હતો અને આ જગ્યા પર એરટેલ વાળાએ એક ચેમ્બર બનાવેલી છે અને એમાં આપણી લાઈન એક્સપોઝ કરી દીધી છે. જેના કારણે કચરાની આગ સળગતી સળગતી આગળ આવી ગઈ હતી. અને એના કારણે બીજી પાઈપ સળગી છે. જેથી આ આગ લાગી હતી. બંને સાઈડના વાલ બંધ કરીએ ત્યારે જ ગેસ બંધ થાય એટલે બંને જગ્યા પરથી પહેલાં વાલ બંધ કર્યા પછી જ આગ ઓલવાઈ ગઈ છે આ ઘટના કચરો સળગાવવાના કારણે જ બની છે.

---

## વડોદરામાં 19 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો ખાતે 4.75 લાખ ઉત્તરવહીઓ ચકાસાશે

# ધો.10-ધો.12ના 8 કેન્દ્રો પર 2 હજાર શિક્ષકો ઉત્તરવહી ચકાસણીમાં જોતરાશે

નક્કી કરાયેલા કેન્દ્ર ખાતે 125 જેટલા શિક્ષકોને આન્સર સીટ ચકાસવાનો ટાર્ગેટ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ હવે તેના અંતિમ તબક્કામાં પહોંચી છે. આજે ધોરણ 10નું છેલ્લું પેપર છે. ત્યારે હવે ગુરુવારથી ઉત્તરવહી તપાસવાની કામગીરી શરૂ થશે. વડોદરા શહેરમાં ધોરણ 10 ના 11 અને ધોરણ 12 ના 8 મળી કુલ 19 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો પર 2000 જેટલા શિક્ષકો ઉત્તરવહી ચકાસણી કરશે. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ ચાલી રહી છે. આજે ધોરણ 10નું છેલ્લું પેપર, જે બાદ વિદ્યાર્થીઓ તણાવ મુક્ત થશે. ત્યારે હવે પરીક્ષાઓ પૂરી થયા બાદ વિદ્યાર્થીઓની ઉત્તરવહી ચકાસણી કરવામાં આવશે. વડોદરામાં ધોરણ 10 માટે 11 મૂલ્યાંકન કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. જ્યારે ધોરણ 12 ના 8 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્રો બનાવવામાં આવ્યા છે. કુલ મળીને 19 મધ્યસ્થ મૂલ્યાંકન કેન્દ્ર પર ઉત્તરવહી ચકાસણી કરવામાં આવશે. મૂલ્યાંકન કેન્દ્રો પર 100 થી 125 જેટલા શિક્ષકો ઉત્તરવહી ચકાસણી કરશે. શહેરના 19 મૂલ્યાંકન કેન્દ્રો પર 2 હજાર જેટલા શિક્ષકો આ કામગીરી હાથ ધરશે. તમામ કામગીરી સીસીટીવી સર્વેન્સ હેઠળ હાથ ધરાશે. સતત આઠ કલાક સુધી ઉત્તરવહી ચકાસણીની કામગીરી કરવાની રહેશે. દરેક કેન્દ્ર પર 25 હજાર જેટલી ઉત્તરવહી બોર્ડ દ્વારા મોકલવામાં આવશે. બોર્ડ દ્વારા દસ દિવસના સમયગાળામાં મૂલ્યાંકનની કામગીરી પૂર્ણ કરવા માટે સૂચનાઓ પણ આપવામાં આવી છે. વડોદરામાં 19 મૂલ્યાંકન કેન્દ્ર પર અંદાજિત 4,75,000 જેટલી ઉત્તરવહી ચકાસણી હાથ ધરવામાં આવશે.

---

## બાઈક પર સવાર ત્રણ મિત્રો કાર સાથે ભટકાયા

# તુલસીધામ ચાર રસ્તા પાસે ગમખ્વાર અકસ્માત, સગીરનું ઘટનાસ્થળે મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.18

આજે વડોદરાના તુલીધામ ચાર રસ્તા પાસે ટ્રાફિકની અવરજવર વચ્ચે એક બાઈક અત્યંત પૂરફાટ ઝડપે આવી રહી હતી. આ બાઈક પર ત્રણ યુવકો સવાર હતા. રસ્તા પરથી પસાર થઈ રહેલી એક કાર સાથે બાઈક ચાલકે નિયંત્રણ ગુમાવતા બાઈક ધડાકાભેર કારના પાછળના ભાગે અથડાઈ હતી. ટક્કર એટલી જોરદાર હતી કે બાઈક પર સવાર ત્રણેય યુવકો હવામાં ફંગોળાયા હતા. અકસ્માત સર્જાતા જ આસપાસના લોકો દોડી આવ્યા હતા. બાઈક સવાર ત્રણ યુવકો પૈકી એક યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ પ્રાણપંખેરું ઉડી ગયું હતું. મૃતક બાળક 15 વર્ષીય અને દંતેશ્વર વિસ્તારમાં આવેલ વિષ્ણુનગરનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. આ બનાવને પગલે સ્થાનિક પંથકમાં અરેરાટી વ્યાપી ગઈ છે અને પોલીસ દ્વારા આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.




લોહીલુહાણ હાલતમાં પડેલા અન્ય બે યુવકોને તાત્કાલિક 108 એમ્બ્યુલન્સ મારફતે સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અકસ્માતને પગલે તુલીધામ ચાર રસ્તા પર લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા અને થોડીવાર માટે ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાયા હતા. ઘટનાની જાણ થતા જ સ્થાનિક પોલીસનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. પોલીસે મૃતક યુવકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સયાજી હોસ્પિટલ (SSG) ખાતે ખસેડવાની તજવીજ હાથ ધરી હતી. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે બાઈક પર ત્રણ સવારી હોવાથી અને ગતિ મર્યાદા કરતા વધુ ઝડપ હોવાને કારણે ચાલક બાઈક પર કાબૂ મેળવી શક્યો ન હતો. પોલીસે કાર ચાલક અને બાઈક સવારોની વિગતો મેળવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરના માર્ગો પર વધતી જતી ઝડપ અને ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન યુવાધનને કાળના મુખમાં ધકેલી રહ્યું છે.

---

## 16 લોકો સાથે રૂ.40.17 લાખની છેતરપિંડી

# PM આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને છેતરપિંડી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

વડોદરા શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાના બહાને 16 જેટલા લોકો પાસેથી રૂપિયા 40.17 લાખની માતબર રકમ પડાવી છેતરપીંડી આચરવામાં આવી છે. ઠગ ઓફીસ તાળું મારીને ફરાર થઈ ગયો અને ફોન પણ ઉપાડવાનું બંધ કરી દીધું હતું.જેથી ઠગ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. વડોદરા શહેરના ગોરવા સુભાનપુરા વિસ્તારમાં સમતા રોડ ઉપર આવેલા વૈકુંઠ ફ્લેટમાં રહેતા વર્ષાબેન પાઠકે નોંધાવેલી ફરિયાદ મુજબ, આરોપી હરીશ જશુભાઈ ચૌહાણે મકાન અપાવવાના બહાને વિશ્વાસ જીત્યો હતો. પોતાની ઓફિસ મારફતે તેમણે પોતે વડોદરા મહાનગરપાલિકામાં એજન્ટ હોવાનો દાવો કરીને પ્રોસેસિંગ માટે રૂપિયાની માંગણી કરી હતી.

જાન્યુઆરી 2025 થી ઓક્ટોબર 2025 દરમિયાન આરોપીએ અલગ-અલગ તારીખે ઓનલાઈન ટ્રાન્ઝેક્શન દ્વારા રૂપિયા 1.83 લાખ જેટલી રકમ પડાવી લીધી હતી. આરોપીએ મકાન ફાળવણીના ખોટા કાગળો અને પાવતી આપી વધુ વિશ્વાસ કેળવ્યો હતો. ખોટા દસ્તાવેજો આપીને મકાન ન આપતા શંકા ઊભી આરોપીએ ડિસેમ્બર 2025 સુધીમાં મકાન આપવાનો વાયદો આપ્યો હતો. પરંતુ સમય પસાર થયા છતાં મકાનનો કબજો ઠગ દ્વારા આપવામાં આવ્યો નહીં. ત્યારબાદ તેમણે અને તેમના પતિ સાથે ઠગની ઓફિસ પર પહોંચતા ઓફિસ બંધ હતી અને ફોન પણ ઉપાડતો ન હતો. જેથી તેમણે તપાસ કરી હતી. આ હરીશ ચૌહાણે અન્ય 15 લોકોને સાથે રૂપિયા લઈ લીધા હતા પરંતુ મકાન અપાવ્યું ન હતું. આમ હરીશ ચૌહાણે 16 લોકોને આવાસ યોજનામાં મકાન અપાવવાનો ખોટો વાયદો કરીને તેમની પાસેથી રૂ. 40.17 પડાવી લીધી હતું અને મકાન ખરીદનારને ખોટા દસ્તાવેજો બનાવી પધરાવી દીધા હતા. વર્ષાબેન સહિત અન્ય 15 લોકોએ આરોપી હરીશ ચૌહાણ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા અને સમગ્ર મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી છે.

---

## 39877 પરિક્ષાર્થીમાંથી 39350 વિદ્યાર્થી પરીક્ષામાં હાજર : 527 ગેરહાજર

# બોર્ડની ધો.10ની પરીક્ષા પૂર્ણ થતાં વિદ્યાર્થીઓ તણાવમુક્ત થયા

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

ધો.10નું સામાજિક વિજ્ઞાનનું પેપર ખુબ જ સરળ નીકળ્યું હતું. પેપર ટેક્સબુક આધારીત અને દરેક સેક્સનમાં વિદ્યાર્થીઓને સરળ પ્રશ્નો તથા કોન્સેપ્ટ્યુઅલ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. જે વિદ્યાર્થીઓની તૈયારી મધ્યમ હતી તેમને આ પેપર સરળથી મધ્યમ લાગ્યું હતું. ધો.10ની પરીક્ષાના આ પેપરમાં 39877 પરિક્ષાર્થીમાંથી 39350 વિદ્યાર્થી પરીક્ષામાં હાજર રહ્યા અને 527 ગેરહાજર રહ્યા હતા. જેમાં ચાર ઝોનમાં ગુજરાતીમાં 485, અંગ્રેજીમાં 34, હિન્દી 8 અને મરાઠી માધ્યમમાં 0 વિદ્યાર્થી કોઈ કારણસર પરીક્ષા આપી શક્યા ન હતા. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ 10 ની સામાજિક વિજ્ઞાનના છેલ્લા પેપર સાથે પરીક્ષા પૂર્ણ થઈ છે. જેથી હવે વિદ્યાર્થીઓ તળાવ મુક્ત થવા સાથે આનંદિત મિજાજમાં જોવા મળ્યા હતા. એજ્યુકેશન એક્સપર્ટ નિરવભાઈ જોષીએ જણાવ્યું કે, સામાજિક વિજ્ઞાનના પેપરમાં ખાલી જગ્યાઓ, જોડકા, ખરા ખોટામાં સરળ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. સેકસન એમાં કડાણા તથા વણાકબોરી, અન્ડર ગ્રાઉન્ડ વોટર આધારીત, દિબ્રુગઢથી જોડતી રેલવે લાઈન, રાષ્ટ્રીય માનવ ઉધાન, સેક્શન બીમાં પર્યાવરણ પર આધારિત પ્રશ્નો તથા ડેનિમ સીટી ઓફ ઈન્ડિયા,સિલીકોન વેલી, ગેલેના, બાયોગેસ, ખજુરાહોના મંદિરો , કોણાર્ક સૂર્ય મંદિર પર પણ પ્રશ્ન પુછવામાં આવ્યો તથા નેગ્રીટો પ્રજાતિના સામાન્ય લક્ષણો જેવા સરળ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. સેકસન સીમાં મહિલા સમાનતા માટેની યોજનાઓ સાથે સાથે ગ્રાહકોનું શોષણ થવાના કારણો, ગ્રાહક તરીકે તમારી ફરજો, આર્થિક ઉદારીકરણના લાભ, જમીનના ધોવાણ અટકાવવાના ઉપાયો, બ્લેક સોઈલ, લોથલ વિશે ની શોર્ટ નોટ જેવા પ્રશ્નો પુછાયા, સેક્સન ડીમાં એગ્રીકલચરનો પહેલો જ પ્રકાર બાયોલોજીકલ મેથડ પુછવામાં આવી હતી સાથે સાથે ટેકનીકલ સુધારાઓ, બીલોવ પુવરટી, પ્રાચીન ભારત ગણીત શાસ્ત્રમાં બાંધેલ પ્રગતિ, રસાયણ શાસ્ત્ર એક પ્રયોગાત્મક વિજ્ઞાન, જેવા સરળ પ્રશ્નો પુછવામાં આવ્યા હતા.

### પેપરમાં આતંકવાદની સમાજ ઉપર અસર ઉપર પ્રશ્ન પૂછાયો

ભારતનો સાંસ્કૃતિક વારસો, ખજૂરાહોના મંદિરની વિશેષતા,જંગલોના નાશથી થતા નુકસાન અને આતંકવાદની સમાજ ઉપર અસર જેવા ગંભીર મુદ્દા ઉપર ભાર મૂકવામાં આવ્યો હતો. જ્યારે, ગુજરાતના ભવ્ય મંદિરો અને વાવો વિશે તથા જમીનના ધોવાણ અટકાવવા વિશે, ગ્રાહક તરીકેની ફરજો અને ગ્રાહકોને થતા શોષણ થવાના કારણો અને ગુજરાત સરકારે મહિલાઓની સમાનતા માટે બનાવેલી યોજનાઓ વિશે જેવા સરળ પ્રશ્નો પૂછાતા વિદ્યાર્થીઓ સહેલાઈથી લખી શક્યા હતા. ધો.10-12ના પેપરોમાં આ વર્ષે સૌથી વધારે મહિલા સશક્તિકરણના પ્રશ્ન પૂછાયા હતા. **રવિ વઢવાણા,** વિષય નિષ્ણાંત

---

## ઓફિસ પર પથ્થર મારી કાચ તોડી નાખ્યો

# બ્રહ્મ સમાજના આગેવાન વિશાલ દવેની ઓફિસ પર હુમલો

(પ્રતિનિધિ), વડોદરા. તા.18

શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલી જાણીતી ‘બાલી રિયાલિટી’ ઓફિસ પર ગત રાત્રિએ અસામાજિક તત્ત્વો દ્વારા પથ્થરમારો કરી તોડફોડ કરવાની ઘટના સામે આવી છે. આ હુમલો બ્રહ્મ સમાજના અગ્રણી અને વર્ષોથી બ્રાહ્મણોના હિત માટે લડત આપનારા લડાયક નેતા વિશાલ દવેની ઓફિસ પર કરવામાં આવ્યો છે. વિશાલ દવે છેલ્લા ઘણા વર્ષોથી બ્રહ્મ સમાજ અને બ્રાહ્મણોની રક્ષા કાજે અનેક લડતો લડી ચૂક્યા છે. વડોદરા બ્રહ્મ સમાજમાં છેલ્લા કેટલાક સમયથી વ્યાપેલા ‘ગંદા રાજકારણ’ને કારણે તેઓ ભલે થોડા નિષ્ક્રિય થયા હોય, પરંતુ તેમનો પ્રભાવ હજુ પણ અકબંધ છે, જે કેટલાક અસામાજિક તત્ત્વોને ખટકી રહ્યો છે. આ ઘટના અંગે પ્રતિક્રિયા આપતા વિશાલ દવેએ જણાવ્યું હતું કે, મેં



હંમેશા સમાજ હિત અને બ્રાહ્મણોના સ્વાભિમાન માટે માથું ઊંચું રાખીને કામ કર્યું છે. વડોદરા બ્રહ્મ સમાજમાં જે રીતે રાજકારણ પેસી ગયું છે, તેનાથી સમાજને નુકસાન થઈ રહ્યું છે. મારી વધતી લોકપ્રિયતા અને મારી કાર્યશૈલીથી ડરી ગયેલા કાયર લોકોએ અંધારાનો લાભ લઈ મારી ઓફિસ ‘બાલી રિયાલિટી’ પર પથ્થરમારો કર્યો છે. પણ યાદ રાખજો, પથ્થર ફેંકવાથી વિશાલ દવેના સંકલ્પો ડગવાના નથી. હું સમાજ માટે લડતો હતો અને લડતો રહીશ.

---

## દિયર અને ભાભીના ખરીદેલા ફ્લેટ પ્રોપરાઇટરે વધુ કિંમતે અન્ય વ્યક્તિને વેચી માર્યા

# સમર્પણ ડેવલોપર્સના પ્રોપરાઈટર જતીન પંચોલી દ્વારા છેતરપિંડી

(પ્રતિનિધિ), વડોદરા. તા.18

માંજલપુર વિસ્તારમાં ફ્લેટ બુકિંગના નામે છેતરપીંડીનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. સંદીપ સોમાભાઈ પટેલે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, “સમર્પણ ડેવલોપર્સ”ના પ્રોપરાઈટર જતીનભાઈ શાંતિલાલ પંચોલીએ તેમની સાથે વિશ્વાસઘાત કરીને લાખો રૂપિયાની છેતરપીંડી આચરી છે.

વડોદરાના તરસાથી વિસ્તારમાં સમર્પણ ડેવલોપર્સના પ્રોપરાઈટર જતીન શાંતિલાલ પંચોલી (રહે. સેવાતીર્થ બંગલો દાદા ભગવાનના મંદિર, વરણામા) દ્વારા સમર્પણ ફ્લેટની સ્કીમનું આયોજન કરવામાં આવ્યું હતું. મૂળ નર્મદા જિલ્લાના અને હાલમાં માંજલપુર તુલસીધામ ચાર રસ્તા પાસે શિવમ ફ્લેટમાં રહેતા સંદીપભાઈ પટેલ વર્ષ 2021 દરમિયાન સમર્પણ ફ્લેટ સ્કીમમાં ફ્લેટ ખરીદવા માટે ડેવલોપર સાથે રૂ. 8.50 લાખમાં સોદો કર્યો હતો. જેમાંથી તેમણે રૂ. 5 લાખ એડવાન્સ તરીકે આરટીજીએસ દ્વારા ચૂકવ્યા હતા અને બાકી રકમ પછી ચૂકવવાની શરત રાખવામાં આવી હતી. આ અંગે સબ-રજિસ્ટ્રાર કચેરીમાં બાનાખત પણ કરવામાં આવ્યું હતું. પરંતુ બાદમાં તેમની તબિયત ખરાબ થતાં તેઓ લાંબા સમય સુધી સારવાર હેઠળ રહ્યા હતા. આ દરમિયાન ડેવલોપરે તેમની મંજૂરી વિના બાનાખત રદ કરીને તેજ ફ્લેટ અન્ય વ્યક્તિને વધુ કિંમતે વેચી દીધો હતો.

બિલ્ડર જતીન પંચોલીએ માત્ર સંદીપભાઈના નાના ભાઈની પત્ની ભાવિશાબેન પાસેથી પણ ફ્લેટ બુકિંગના નામે આશરે રૂ. 14.45 લાખ જેટલી રકમ પડાવી લીધી હતી. પરંતુ ઠગ બિલ્ડરે તેમનું પણ બાનાખત રદ કરીને તે ફ્લેટ પણ અન્ય લોકોને વેચી માર્યો હતો. ઠગ બિલ્ડર ભાભી અને દિયરને ફ્લેટ વેચાણ આપવાના બહાને તેમની પાસેથી લગભગ રૂ. 15.20 લાખની રકમ લીધી હોવા છતાં અન્ય વ્યક્તિને મકાનનું બાનાખત કરી આપી વેચી નાખી તેમની સાથે છેતરપીંડી આચરી છે. જેથી ભાભી અને દિયર રૂપિયા પરત માંગતા બિલ્ડર રૂપિયા પરત આપતો ન હતો.જેથી સંદીપભાઈ પટેલે ઠગ બિલ્ડર વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ મકરપુરા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે.

---

## ગરમીના પારો 35.4 ડીગ્રીએ પહોંચ્યો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.18

ગુજરાતમાં ઉનાળો જમાવટ કરી રહ્યો છે, પરંતુ તેની વચ્ચે લગભગ ત્રણ દિવસ માટે બ્રેક પડવાનો છે. તેનું કારણ છે કે, કેટલાક જિલ્લામાં આજથી હવામાનમાં પલટો આવશે અને હળવાથી મધ્યમ વરસાદ પડવાની આગાહી છે. હવામાન વિભાગ મુજબ 18 માર્ચથી લઈને 20 માર્ચ સુધી અમુક ભાગોમાં વરસાદ પડશે. તેમાં સાઉથ ગુજરાત તથા ઉત્તર ગુજરાતનો કેટલોક ભાગ આવરી લેવાય છે, જ્યારે મધ્ય ગુજરાતમાં વરસાદની અસર જોવા નહીં મળે. વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે 19 માર્ચે રાજ્યમાં કમોસમી વરસાદ વરસશે. હળવાથી મધ્યમ વરસાદની સાથે 40 થી 50 કિમીની ઝડપે પવન ફૂંકાવાની અને ગાજવીજ થવાની પૂરી સંભાવના છે. નિષ્ણાંતોના મતે એક વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ છેક ગુજરાત સુધી વિસ્તરેલું હોવાથી આ માવઠું પડશે. પશ્ચિમી વિક્ષેપથી ઉત્તર ગુજરાતમાં વાતાવરણમાં પલટો આવશે.

---

## માંજલપુર દરબાર ચોકડી નજીક બનેલી ઘટના

# ટ્રેનની અડફેટે આવતા રેલવે કર્મચારીનું ઘટનાસ્થળે જ મોત

(પ્રતિનિધિ), વડોદરા. તા.18

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં દરબાર ચોકડી નજીક રેલવે ટ્રેક પર બનેલા કરુણ અકસ્માતમાં રેલવે વિભાગના કર્મચારીનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું.



મૃતકની ઓળખ દિપક સૂર્યવંશી (ઉંમર 35 વર્ષ) તરીકે થઈ છે, જે પશ્ચિમ રેલવે વિભાગમાં ફરજ બજાવતા હતા. પ્રાપ્ત માહિતી મુજબ તેઓ દરબાર ચોકડી નજીક રેલવે ટ્રેક પાર કરી રહ્યા હતા ત્યારે અચાનક ટ્રેન આવી પહોંચતા તેઓ તેની અડફેટે આવી ગયા હતા.અકસ્માત એટલો ગંભીર હતો કે ગંભીર ઈજાઓના કારણે તેમનું સ્થળ પર જ નિધન થયું હતું. બનાવની જાણ થતાં આસપાસના લોકો મોટી સંખ્યામાં ઘટનાસ્થળે એકત્રિત થયા હતા. ઘટનાની માહિતી મળતાં જ રેલવે પોલીસ તાત્કાલિક સ્થળ પર દોડી આવી હતી અને તપાસ હાથ ધરી છે. મૃતકના પરિવારજનોને જાણ કરવામાં આવી છે તેમજ આગળની કાર્યવાહી ચાલુ છે.ઉલ્લેખનીય છે કે દિપક સૂર્યવંશી બીઆરએમ ઓફિસમાં ફરજ બજાવતા હતા. આ દુર્ઘટનાથી પરિવાર તેમજ સહકર્મીઓમાં શોકની લાગણી ફેલાઈ છે.